ज्ञातिमैया
ज्ञातिनुं એકમાત્ર અધિકૃત મુખપત્ર
ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૭ • તા. ૨૮ જુલાઈ થી ૦૩ ઓગસ્ટ ૨૦૧૮
**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.

# સમસ્ત મહાજનની મહિલા સશક્તિકરણ સમિતિ દ્વારા જ્ઞાતિની મહિલાઓ માટે

# સપ્તસૂત્રી કાર્યક્રમ જાહેર






વીણા નાગડા

તમે મારી આગળ નહીં ચાલતા,
કારણકે હું તમને અનુસરી નહીં શકું,
તમે મારી પાછળ નહીં ચાલતા,
કારણકે હું તમને દોરી શકીશ નહીં.
પરંતુ તમે મારી સાથે
ખભે ખભા મેળવીને ચાલજો
કારણકે, હું તમારો
મિત્ર બનીને સાથે રહીશ.

– અજ્ઞાત



- નીશિથ આનંદ દંડ



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણીલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તીલોકચંદ નરશી દંડ**
**કિર્તીકુમાર ધનજી ધરમશી**

**: કાર્યાલય:**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.gyatimaiya.com
email : gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# યુવાનોના સાથ થી સમાજની પ્રગતિ

સમાજ સંસ્થી કે કોઈપણ સંગઠનન સશક્ત પણે ચલાવવા વિચારબળ અને કાર્ય બળ હોવું જરૂરી છે. એક મેકના આધાર, સહકાર અને પૂરક રીતે થઈને સંચાલન અને સંકલન સુપેરતાથી થાય છે. જ્ઞાતિનો યુવા વર્ગ જાગૃત થઈ સક્રિયપણે સમાજમાં હિસ્સો લે તો સમાજમાં ફેલાતી બદીઓ, વિવિધ સમસ્યાને આસાનીથી નાથી શકાય છે. યોગ્ય દોરવણીના કારણ થકી યુવા વર્ગ પોતાના તેજીલા, હોંશીલા ચાનકથી કોઈપણ દિશામાં ધસી અનેક વિધ રીતે સમાજને મદદરૂપ થઈ શકે છે.

આજનો યુવાન શિક્ષિત છે. જ્ઞાન વિદ્યા અને ટેકનોલોજીને આત્મસાત કરી પારંગત થયેલ છે. જેને લીધે સમાજને નવી દિશા-દોરવણી આપી શકે છે. વડીલોએ કંડારી આપેલી કાર્ય યોજનામાં યુવાનોનો સાથ સહકાર મળે તો ગતિ આવે, વેગ મળે આ હકીકત સમજી આજની આપણી યુવાપેઢી સમાજની જરૂરિયાત સમજી આગળ આવે, અગ્રપણે ભાગ ભજવે.

એ પણ હકીકત છે કે આજનો બહુધા યુવાવર્ગ મોર્ડન ટેકનોલોજીનો ઉપયોગ કરી સોશ્યલ મીડિયા, ચેટ, ફેસબુકમાં ખુંપેલો રહે છે. સામસામે આવવાનું હળવા મળવાનું જાણે ટાળે છે. શાળા, કોલેજ કે કામકાજ સ્થળના દોસ્તારો સાથે વધુને વધુ સંપર્ક રાખી. સગા સંબંધીઓ સમાજ જનો સાથે જાણે વિમુખ થતો જાય છે. આ પરિસ્થિતિજો દિવસોદિવસ વધતી ગઈ તો એ સમજ માટે સારી એંધાણીની નથી. કોઈપણ સારા કે ખરાબ સમાચાર ઉપર ટીકા ટિપણ સોશ્યલ મીડિયા પર કરી મોઢું સીવી લેવું એ પણ સારી નિશાની નથી.

સમાજની દરેકે દરેક સમસ્યાઓ પ્રત્યે યુવાનએ જાગૃતિ બતાવી પડશે. સક્રિય રહેવું પડશે તો જ પ્રગતિનો પાયો નખાશે. સમાજમાં સ્ત્રી-પુરૂષ, યુવા-વૃદ્ધ કે બાળકો દરેકે દરેકનું અલગ અસ્તિત્વ છે મહત્વ છે. સૌ એકબીજાના પૂરક છે. આધારરૂપ છે. આ ચેઈન વિકાસ ચક્રને ગતિમાન રાખશે. કોઈપણ ગાડીતો જ વ્યવસ્થિત રીતે ચાલી શકે જો તેના બધા જ પૈંડા એક સાથે સમાન રીતે ગતિમાં રહે આ સૌની ગતિમાં જ સમાજની પ્રગતિ છે. સમાજની ઉન્નતિ છો.

-જય જ્ઞાતિમૈયા

## કવર સ્ટોરી

# મહિલા સશક્તિકરણ સમિતિ દ્વારા જ્ઞાતિની મહિલાઓ માટે સપ્તસૂત્રી કાર્યક્રમ જાહેર





શ્રી સમસ્ત મહાજનની ઉપરોક્ત સમિતિની એક સભા તા. ૬-૭-૨૦૧૮ના રોજ V.L.V.G. શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ ખાતે સેક્રેટરી જનરલ શ્રી નીશિથભાઈ દંડ તથા શ્રીમતી વીણાબેન નાગડાના નેતૃત્વમાં મળેલ. તે સમયે બહોળી સંખ્યામાં ભારતભરના વિવિધ રાજ્યોમાંથી મહિલા આગેવાનોએ ભાગ લીધેલ. આ સભામાં નારી ઉત્કર્ષ અંગેના ખૂબ મહત્વના નિર્ણયો લેવાયેલ.

આ સભામાં લેવાયેલા નિર્ણય અનુસાર જ્ઞાતિના ૧૦૦ જણાથી વધારે વસ્તીવાળા મહાજનોએ પોતપોતાના ગામમાં એક મહિલા સમિતિની નિમણુંક કરવી તથા પોતાના ગામમાંથી બે વિચારવંત મહિલા આગેવાનોને સમસ્ત મહાજનની મહિલા સશક્તિકરણ સમિતિ ઉપર પ્રતિનિધિ તરીકે મોકલવા. જેથી ભારતભરની મહિલાઓ સમસ્ત મહાજનની મહિલાઓ અંગેની પ્રવૃતિઓથી માહિતગાર થઈ શકે. આ ઉપરાંત સભામાં મહિલા સશક્તિ કરણના ઉદ્દેશો નક્કી થયા હતા ત્યારબાદ મહિલા સમિતિએ નીચે પ્રમાણેના કાર્યક્રમો જાહેર કર્યા હતા.

**૧) જ્ઞાતિની મહિલાઓને નાના ઉદ્યોગ કે વ્યાપારિક રીતે પોતે સ્વાવલંબી બની શકે તે માટેનું માર્ગદર્શન**

**૨) જ્ઞાતિની મહિલાઓનું મંચ બનાવવું અને સૌ સાથે મળી જ્ઞાતિ ઉત્કર્ષની પ્રવૃતિઓમાં સહભાગી થવા માટેના યોગ્ય પ્રયત્નો કરવા.**

**૩) જ્ઞાતિના મહાજનો તથા જ્ઞાતિની અન્ય સાર્વજનિક સેવાભાવી સંસ્થાઓમાં એમની સતત હાજરી અને કાર્ય કરવાની પ્રવૃતિઓમાં મહિલાઓને પ્રોત્સાહિત કરવું એના માટે જ્યાં જરૂરી જણાય ત્યાં મોટીવેશન (પ્રેરણા તથા પ્રોત્સાહન) મળે તે માટે જાગૃત કરવી.**

**૪) સમસ્ત મહાજનના નેજા હેઠળ જ્ઞાતિની ભારતભરની મહિલાઓને સંસ્થાઓમાં કાર્ય કરનારી મહિલાઓને એક વ્યવસ્થિત છત્ર પૂરૂ પાડી અને એમને યોગ્ય માર્ગદર્શન.**

**૫) જ્ઞાતિ મહિલાઓના સ્વાસ્થ્ય માટે મળવી જોઈતી માહિતીઓ પૂરી પાડવી અને એનું સર્વેક્ષણ કરી મેડિકલ સમિતિ સાથે યોગ્ય સહયોગ કરવો.**

**૬) જ્ઞાતિની વિવિધ ક્ષેત્રોમાં અગ્રગણ્ય કાર્ય કરનારી મહિલાને યોગ્ય સમયે સન્માનિત કરવી.**

૭) જ્ઞાતિની મહિલા સંસ્થાઓ તથા જ્ઞાતિની અન્ય સામાજિક પ્રવૃતિઓમાં જોડાયેલ સંસ્થાઓનું સંકલન કરવું.


VEENA NAGDA BOLLYWOOD MEHENDI ACADEMY
CERTIFICATE COURSE
40 Years Experience in Mehendi
All Types of Mehendi & Personality Development
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western Etc.
Women's Day Special Discount
Malad (W):
Nr. Rly. Station.
Time: 11 to 3pm.
Call: 9920641717
Masjid Bunder (W):
Nr. Rly. Station.
Time: 11am to 3pm.
Call: 9820431717
Out of Mumbai, Inquiries also Available.
Special Discount For S.S.C.
Email: veenanagda17@gmail.com
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ ઈન્ટિગ્રેટેડ સેમિનારનું સફળ આયોજન



શ્રી ક.દ.ઓ વિદ્યાર્થી સંઘ તરફથી ૨૨ જુલાઈ ૨૦૧૮ ના રવિવારના ઈન્ટિગ્રેટેડ સેમિનાનું આયોજન ફ્રેંડસ એકેડેમી, મુલુન્ડ મુકામે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ૨.૩૦ વાગે વિદ્યાર્થી સંઘના કાર્યકતા કુ. હર્ષિતા, કુ. સિધ્ધિ અને કુ. વિધિ દ્વારા નવકાર મહામંત્રના સ્મરણ સાથે સ્પીકર શ્રી નિલેશભાઈ વીકમશી, સ્પીકર શ્રીમતી કીર્તિદાબેન મેકાણી, ગેસ્ટ શ્રી કમલેશભાઈ વીકમશી અને હિરચંદભાઈ દંડ, દાતાશ્રી મનોજભાઈ લોડાયા અને પ્રમુખ શ્રી હેમીલ દંડ દ્વારા દીપ પ્રાગટ્ય કરાઈને થઈ.

આ સેમિનારમાં કીર્તિદાબેન મેકાણી (સિંગાપોર) અને શ્રી નિલેશભાઈ વીકમશી (ફોર્મર પ્રેસિડેન્ટ ઓફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટ ઓફ ઇન્ડિયા) એ છોકરાઓને ઇન્ટરવ્યૂ સ્કીલ, રેઝયુમ બનાવવું, લાઈફ ગોલ્સ જેવા વિવિધ વિષયો પર પીપીટી દ્વારા સમજાવવામાં આવી હતી.

છોકરાઓને સ્પેશ્યલ રાઉન્ડ ટેબલની સીટીંગ અરેંજમેન્ટમાં બેસાડવામાં આવ્યા હતા. સેશન બાદ છોકરાઓના સવાલોના ઉકેલ માટે ક્યુ એન્ડ એ રાઉન્ડ થયો. સહ માનદ કોષાધ્યક્ષ શ્રી પ્રિન્સ વિનીત ધરમશી અને કોન્ટેક્ટ મેમ્બર



# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ ઈન્ટિગ્રેટેડ સેમિનારનું સફળ આયોજન







નીતિ મૈશેરી દ્વારા મોક ઇન્ટરવ્યૂ પ્રેક્ટીસ લેવામાં આવી. કુલ ૧૫૦ છોકરાઓએ આ કાર્યક્રમનો લાભ લીધો.

શ્રીમતી કીર્તિદાબેન અને નિલેશભાઈનું સન્માન કરવામાં આવ્યું, સાથે જ દાતાશ્રીઓનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ બાદ અલ્પહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.





આ કાર્યક્રમના દાતાશ્રી માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા, માસ્ટર વિહાન દંડ, ધનલક્ષ્મી ટ્રેડિંગ કાં., શ્રી દેવચંદ ધરમશી, શ્રી વિક્રમ નાગડા, શ્રી વસંતભાઈ વિકમશી અને એક સદગૃહસ્થ પરિવાર હતા.



આ કાર્યક્રમને સફળ બનાવવા વિદ્યાર્થી સંઘના પ્રમુખ શ્રી હેમીલ દંડ ના નેતૃત્વ માં ઉપપ્રમુશ્રી ઊર્મિન લોડાયા, માનદ મંત્રી કુ. એકતા લોડાયા, સહ મંત્રી કુ. લબ્ધી લોડાયા અને શ્રી શુભમ લાપસીયા, માનદ કોષાધ્યક્ષ રુષભ પોલડીયા, સહ માનદ કોષાધ્યક્ષ શ્રી પ્રિન્સ ધરમશી અને કુ. શ્રુતિ લોડાયા, કમિટી મેમ્બર મીત મૈશેરી, અશ્વિન લોડાયા, ચિરાગ લોડાયા અને કોન્ટેક્ટ મેમ્બર ધનિષ્ઠા ધરમશી, ડિમ્પલ જીવાણી, ઇશીતા છેડા, હર્ષિતા પોલડીયા, હેતલ લોડાયા, ક્રિના નાગડા, નિશિતા દંડ, નીતિ મૈશેરી, સાક્ષી મોતા, સિધ્ધિ લોડાયા, ઉર્વી લોડાયા, વિધિ છેડા, ભવ્ય દંડ, ધર્મીલ મૈશેરી, ધર્મીલ નાગડા, ગૌતમ સ. લોડાયા, ગૌતમ ઉ. લોડાયા, જૈનમ નાગડા, હર્ષિત દંડ, હિત દંડ, મોહિત લાપસીયા, પૂર્વેશ લોડાયા, સ્મિત લોડાયા, શ્રુત દંડ, ઉજ્જ્વલ લોડાયા, ઉર્વેશ છેડા, વંદન ધરમશી, વિપુલ સોની એ ભારી જહેમત ઉઠાવી હતી.



## સમગ્ર મુંબઈના કચ્છી સમાજને આમંત્રણ : ગોરેગામમાં 'કચ્છી સીંગર નંબર - ૧' કોમ્પીટીશન

સૂરિભગવંતોની કૃપાએ મેવાડ દિવાકર ગુરૂદેવશ્રી સર્વોદયસાગરજી મ.સા.ની પ્રથમ પૂણ્યતિથી નિમિત્તે ગોરેગામમાં ગુરૂદેવોની નિશ્રામાં ચર્ચગેટથી વિરાર સુધી, સી.એસ.ટી. થી બદલાપુર સુધી અને હાર્બર લાઈનમાં પનવેલ સુધી રહેતા કચ્છી સમાજની ટેલેન્ટને એક સુંદર પ્લેટફોર્મ આપવાની ઉદ્દેશથી 'કચ્છી સિંગર નંબર -૧' કોમ્પીટીશન રાખેલ છે.

જેમાં ગ્રુપ એ - ૧૬ થી ૨૫ વર્ષ, ગ્રુપ બી - ૨૬ થી ૩૫ વર્ષ, ગ્રુપ સી- ૩૬ થી ૫૦ વર્ષ, ગ્રુપ ડી - ૫૦ વર્ષથી ઉપરના લોકો ભાગ લઈ શકશે.

તા. ૩-૮-૨૦૧૮ ઓડીશન. તા. ૪-૮-૨૦૧૮ સેમી ફાઈનલ રાઉન્ડ અને તા. ૫-૮-૨૦૧૮ રવિવારે, વિશાલ સ્તર પર સ્ટેજ પર ફાઈનલ રાઉન્ડ રહેશે. સ્પર્ધકોએ ફક્ત ગુરૂભક્તિના ગુજરાતી અથવા હિન્દી ગીત ગાવાના રહેશે. બોલીવુડના સીંગરો જજ તરીકે રહેશે. સીંગીગ ક્ષેત્રે આપના કંઠના માધુર્યને, આપની ટેલેન્ટને આગળ વધો, ગુરૂદેવના આર્શીવાદ આપની સાથે જ છે. તો આજે જ ફોન પર તમારૂ નામ, ઉમર, ગામ, ફોન નંબર રજીસ્ટ્રેશન કરાવો. સંપર્ક - ૯૭૭૩૧૭૮૭૫૭ / ૯૧૬૭૭૩૧૬૩૧ / ૯૩૨૪૫૩૧૬૪૦

## ગોરેગામમાં શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા પૂ.મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના સાનિધ્યે ગુરૂપૂર્ણિમા ઉજવાઈ

સૂરિ ભગવંતોની કૃપાએ અધ્યાત્મયોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા પૂ.મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના સાનિધ્યે ગોરેગામમાં ખૂબ ઉત્સાહથી 'ગુરૂ પૂર્ણિમા' ઉજવાઈ. આ પ્રસંગે ગોરેગામ બહારના ૪૫ થી વધુ જગ્યાએથી તથા મુંબઈ સિવાય મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન આદિના ગુરૂભક્તો પધારેલા. વિવિધ વક્તાઓના વક્તવ્યો અને ગુરૂભક્તિ ગીતોની સાથે બંને ગુરૂદેવોનું ગુરૂ તત્ત્વ ઉપર પ્રવચન રહ્યું. સંપૂર્ણ કાર્યક્રમ તથા મહેમાનોની નવકારશીનો લાભ માતુશ્રી નાનબાઈ ભીમશી મામણીયા પરિવાર (પુનડી)એ લીધો. કાર્યક્રમને અંતે સર્વેને રૂા.૫૦-૫૦ રૂપિયાનું સંઘપૂજન થયેલ.

પરમતારક ગુરૂદેવ શ્રી સર્વોદયસાગરજી મ.સા.ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથી નિમિત્તે ત્રણ દિવસના 'ગુરૂ સ્મૃતિ મહોત્સવ'ની જાહેરાત થઈ. આ મહોત્સવ એક અલગ જ અંદાજમાં, અનોખી રીતે સમગ્ર મુંબઈ લેવલે ઉજવાશે. તો મુંબઈના તમામ સંઘો થઈ જાઓ તૈયાર તા.૫/૬/૭ ઓગસ્ટે ૨૦૧૮ પધારજો ગોરેગામ મોજાર.





SHREE KDO
SAMAST MAHAJAN
YUVA
YOUTH UNITED FOR VISION AND ACTION
50+
COMPANIES
NATIONAL
JOB FAIR
2018
1st SEPTEMBER 2018, MUMBAI
Yuva an individual body of Shree Samast KDO Jain Mahajan has organized first ever National level job fair tied up with KDO and Non-KDO Companies.
For Registration Contact:
7303093827 | 9769981860 | 9833474744
yuva@kdosamastmahajan.org
KDO Samast Mahajan Yuva
@kdoyuva
www.kdosamastamahajan.org

# અનંતસિધ્ધિના તાબડતોબ
# રીડેવલપમેન્ટ માટે ત્રિપક્ષી મિટીંગ થઈ



ભાડુંપ સ્થિત અનંત સિધ્ધિ બિલ્ડીંગની જોખમી હાલત માટે ચિંતીત મ્યુનિસિપલ અધિકારીઓ અને શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી કલ્પેશભાઈ મોતા, શ્રી જયંતભાઈ સોની, શ્રી લેરીનભાઈ ખોના, શ્રી ચેતનભાઈ મોમાયા, શ્રી ચીમનલાલ ખોના તથા શ્રી તરૂણભાઈ ધરમશી સાથે અનંત સિધ્ધિ રહેવાસીઓ સાથેની મિટીંગ તા.૧૭ જુલાઈ ૨૦૧૮ મંગળવાર રોજ સવારના ૧૧.૩૦ કલાકે નિખાલસ અને મૈત્રીપૂર્ણ વાતાવરણમાં થઈ.

મનપા અધિકારીઓના મતે આ બિલ્ડીંગો અત્યંત જોખમી પરિસ્થિતવાળી છે અને તેમાં પણ અરિહંત બેંક છે એ બિલ્ડીંગ અત્યંત ખરાબ હાલતમાં છે. તેને બનતી વહેલી તકે ખાલી કરી અપાય એ જરૂરી છે. જો ખાલી નહીં થાય તો સત્તાની રૂએ જલદ પગલાં લઈ ખાલી કરાવવા સરકાર પાછી પાની નહીં કરે. ટ્રસ્ટીઓ પણ અધિકારીઓની વાત સાથે સહમત થઈ ભાડૂતોને વાસ્તવિકતા સમજાવી વહેલી તકે બિલ્ડીંગ ખાલી કરવા માટે કહ્યું હતું અને યોગ્ય જગ્યાએ સ્થળાંતર કરી લે તેની માટે તેમને દર મહિને રૂા. ૧૫ હજાર ભાડું આપવાની જાહેરાત કરી હતી. આ ભાડુ જયાં સુધી તેઓ આ પ્રોજેક્ટમાં નવા ઘરમાં નહી પહોંચે ત્યાં સુધી આ ભાડુ આપવામાં આવશે. એવી તૈયારી બતાવી હતી.

(અનુસંધાન ૧૧મા પાને)





# અનંતસિધ્ધિના તાબડતોબ રીડેવલપમેન્ટ માટે... (૧૦મા પાનેથી ચાલુ)



આ પરિસ્થિતિમાં ભાડૂતોએ વરસાદની મોસમ હોવાથી ઘર ખાલી કરવા એકાદ બે મહિનાની મુદત માંગી હતી. સર્વ ભાડૂતોએ તાબડતોબ પેપર વર્ક તેમજ એગ્રીમેન્ટ કરવાની તૈયારી પણ બતાવી હતી.

આમ ત્રણેય પક્ષોએ મૈત્રીપૂર્ણ નિખાલસ રીતે સુમેળ ભર્યા વાતાવરણમાં ચર્ચા કરી હતી. વહેલી તકે રીડેવલપમેન્ટનું કાર્ય જલદી શરૂ થઈ જલદી પૂર્ણ થાય એવી ભાવના વચ્ચે શ્રી આદીનાથ ભગવાન અને શ્રી અનંતનાથ ભગવાનનો જય જયકાર બોલાવી છૂટા પડ્યાં હતા.





# કોઠારા તીર્થે ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ



તા.૨૫-૭-૨૦૧૮ રોજે પ.પૂ. સાધ્વી શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા. કોઠારા ગામે ચાતુર્માસ પ્રવેશ કરતાં શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા શણગારેલા બેડા, ગહુલીઓ, સફેદ વસ્ત્રોમાં સજ્જ દુપટ્ટાધારી શ્રાવકો તથા બાંધણીમાં સજ્જ સુશ્રાવિકાઓ સાથે ઢોલ-શરણાઈના સૂરો સાથે વાજતે-ગાજતે ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ.

સામૈયામાં કોઠારા મહાજનશ્રીના પ્રમુખ શ્રી નલીનભાઈ અજાણી, હેમંત અજાણી, વીરચંદ ધરમશી, રાયચંદ લોડાયા, દિનેશ અજાણી, હરીશ મુનવર, અનીલ મોતા, લહેરચંદ લોડાયા, ગોવિંદજી પટેલ, ભરત જીવાણી, મણિલાલ શાહ, ચંદ્રકાંત લોડાયા, પ્રભાતસિંહ જાડેજા, મહેન્દ્ર લોડાયા, લલીત લોડાયા, રમેશ મોતા, લીનાબેન લોડાયા, ખમાબેન ખોના, બાડા જૈન સંઘના ૮૦ ભાવિકો તથા અન્ય જૈન સંઘોના આગેવાનો જોડાયા હતા.



ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવતા ચાર્તુમાસનું મહત્વ સમજાવી સૌને ધાર્મિક આરાધનાઓમાં જોડાઈ જવા પ્રેરણા આપી હતી.

સૂત્ર વહોરાવવાના ચડાવાનો લાભ માતુશ્રી ખેતબાઈ ચાંપશી ધરમશી કોઠારાવાળાએ જ્યારે ચરિત્રનો લાભ માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા સાયરા હાલે વાસીએ લીધો હતો.

આ પ્રસંગે મહાજનશ્રીના પ્રમુખ શ્રી નલીનભાઈ અજાણી, જૈન મિત્ર મંડળના પ્રમુખ શ્રી હેમંતભાઈ અજાણી, પ્રવિણ લોડાયા, કુ. તોરલબેન શાહે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ અવસરે કોઠારા જૈન દેરાસર પેઢીના મુનિમશ્રી હીરાલાલભાઈ જીવાણી ૨૧ વર્ષ સુધી સેવાઓ આપી નિવૃત્ત થતાં તેઓનું પણ કોઠારા મહાજનશ્રી દ્વારા બહુમાન કરી તેઓશ્રીની સેવાઓને બિરદાવવામાં આવેલ.

સવારની નવકારશી માતુશ્રી પ્રેમાબાઈ લાલજી અજાણી પરિવાર હસ્તે કુ. પુષ્પાબેન દ્વારા, જ્યારે બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી કાન્તાબેન ગોવિંદજી અજાણી પરિવાર દ્વારા યોજાયું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન દિનેશ અજાણીએ કરેલ. વ્યવસ્થામાં હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, કાન્તીલાલ લાલકા તથા કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

# ખામગામ જૈન મહાજને અષાઢી બીજની ઉજવણી કરી





શ્રી ખામગામ જૈન મહાજન અંતરીક્ષજી પાર્શ્વનાથ તીર્થ શીરપૂર મધે અષાઢી બીજની ઉજવણી કરાઈ જેમાં ૯૦ જણાની હાજરી રહી હતી. ઉત્સવની સારી વ્યવસ્થા શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ જૈન મૂર્તિ પૂજક સંઘએ નવકારશી, બપોરનું ભોજન તથા ચાની વ્યવસ્થા સારી રીતે કરેલ.

# મુલુંડ ગોવર્ધનનગરે મહાકાળી માતાજીની ભાવના ભણાઈ







શ્રી ગોવર્ધન નગર અચલગચ્છ જૈન સંઘ, મુલુન્ડ ઉપાશ્રયમા ચાર્તુમાસ અર્થે બિરાજમાન પુ. અમી વર્ષાશ્રીજી મ.સા. તથા પુ. જૈનમ વર્ષાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં ૨૭.૦૭.૨૦૧૮ ના સવારના અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવીશ્રી મહાકાળી માતાજીની ભાવના શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ તથા શ્રી અનંત મિત્ર મંડળ, ભાંડુપના કલાકારોએ રૂડી રીતે ભણાવેલ. ઉપસ્થિત કલાકારોમા સર્વશ્રી રાજેન્દ્ર ડાઘા, ફાલ્ગુન ખોના, વિનય લોડાયા, પ્રફુલ મોમાયા, હેમરાજ ખોના અને દીપક ડાઘાનો સમાવેશ હતો. લાભાર્થી પરિવાર શ્રી સંયમ કમલેશ પાશ્વીર નાગડા (રંગપુરવાળા) હતા. આવી રીતે સંઘમાં ચાતુર્માસ પ્રવૃતિઓની રૂડી શરૂઆત થઈ છે.

# ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ નગરે ચાર્તુમાસ પ્રવેશ





અનંત સિધ્ધિ કોમ્પલેક્ષ મધ્યે પ.પૂ. સુશીલગુણાશ્રીજી આદી ઠાણા ૫ પર્ધાયા છે. તેમનું પ્રવેશ ખૂબજ વાજતે ગાજતે સારી સંખ્યામાં થયેલ પ્રવેશ બાદ વ્યાખ્યાન સારી રીતે સરળ ભાષામાં ચોમાસા દરમ્યાન ચાર મહિનાનું કેવી રીતે પાળવું વગેરે સમજાવેલ. જીંદગી જીવવાની ભાવના સરસ રીતે સમજાવેલ. સ્વામી વાત્સલ્ય બપોરે હતુ. તા. ૨૮-૭-૧૮ થી તા.૩-૯-૧૮ સુધી, ચાર્તુમાસ દરમ્યાન એકાસણા ચાલુ થયેલ છે. અમુક તારીખે ચડાવાની બાકી છે. એકાસણાનો નકરો રૂા. ૫૦૦૦ ચાલુ દિવસે, રજાનો નકરો ૭૦૦૦ રાખેલ છે. એમ જણાવવામાં આવ્યું છે લાભ લેવા વિનંતી.










• Exclusive Gharchola
• Bandhani
• Patola • Panetar
• Chaniya Choli
• Designer Saree

જ્યોતિ

Silk Saree Emporium

28, Gani Mansion, Shop No.1, Behind Arora Cinema
Matunga (C.R.), King Circle, Mumbai - 400 019.
Tel. : 24043995 • Time : 11 am to 7 pm
Sunday Closed

## Shree KDO Students Association

Estd. 1954

**ON OCCASION OF**

**65TH ESTABLISHMENT DAY**

*Organise's*

# SAWALOTSAV

## Sawalo Ki Sham... Aapke Naam...!

QUIZ



**19th AUGUST 2018,**
**Sunday 2.30 PM Onwards**

Zaverben Popatlal Auditorium, Near Ghatkopar Station East.

**For Details & Registration**
**9769502277 EKTA | 8291929343 LABDHI**

Email us : shreekdovs@gmail.com
Follow Us on Social Media | / Shreekdovs

## અભ્યાસાર્થે યુ.એસ.એ. જવા ઈચ્છતા KDO જ્ઞાતિના વિદ્યાર્થીઓ ખાસ ધ્યાન આપે

ઘણા KDO સમાજના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે USA જાય છે ત્યારે તેમને ત્યાં પહોંચ્યા પછી શરૂઆતમાં સેટલ થવામાં અથવા તેમના પ્રોજેક્ટ કે અસાઈનમેન્ટ માટે ત્યાંના બીજા શહેરોમાં જવા માટે થોડો સમય કોઈની મદદની જરૂર પડે છે. કે.ઓ.જૈન KOJAIN નામની સંસ્થા આવા વિદ્યાર્થીઓ માટે 'હોસ્ટ ફેમિલી પ્રોગ્રામ' ચલાવે છે. જેની કચ્છી ઓસવાલ વિદ્યાર્થીઓને વિવિધ શહેરોમાં યજમાન કુટુંબો (Host Families) દ્વારા માર્ગદર્શન અને મદદ પૂરી પાડવામાં આવે છે. ક.વી.ઓ.સમાજ USA જતા વિદ્યાર્થીઓ માટે એક વાર્ષિક કાર્યક્રમનું આયોજન કરે છે. જેથી તેઓ હોસ્ટ ફેમિલી વિષે જાણી શકે અને યુ.એસ.એ. જતાં પહેલાં ભારતમાંથી જ તેમના સંપર્કમાં રહી શકે. KDO જ્ઞાતિના યુ.એસ.એ. ભણવા જતા વિદ્યાર્થીઓની સંખ્યા ભલે ઓછી હોય પણ તેઓ આ KOJAIN હોસ્ટ ફેમિલી પ્રોગ્રામનો લાભ લઈ શકે છે. અભ્યાસ માટે USA જનારા વિદ્યાર્થીઓ જેમને USAમાં હંગામી ધોરણે હોસ્ટ ફેમિલીની જરૂરત હોય તેમણે નીચે જણાવેલા મોબાઈલ નંબર પર દીનેશ છેડા અથવા મનીષ મોતાનો WhatsApp પર સંપર્ક કરવો. તેઓ USA માં KOJAIN હોસ્ટ ફેમિલી સાથે મેચ-અપ કરાવવા પ્રયત્નો કરશે.

સંપર્ક : દીનેશ છેડા – ૦૦૧-૨૦૧-૨૧૩-૩૧૨૦, મનીષ મોતા-૦૦૧-૬૦૨-૩૬૩-૬૧૪૫

## KDO Students going to USA for studies

Many KDO students go to USA for higher studies and often they might need temporary help when they arrive to USA or sometime while visiting other cities for projects or assignments. KOJAIN runs this host families program where Kutchi Oswal students can be assisted by host families in various cities. KVO samaj conducts annual program of such students going to USA so they are already aware of the host families and may be in touch before leaving for USA. Since number of KDO students maybe less but they can also avail this option of KOJAIN host family.

For any KDO students going to USA for studies and looking for any host family for temporary help, please contact one of the following via WhatsApp, they will try to match up with KOJAIN host families in USA.

Dinesh Chheda: 001-201-213-3120
Manish Mota: 001-602-363-6145

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
## શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જીદ બંદર જૈન સંઘ, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

# ધ્વજાના વધામણા પ્રભુ અનંતનાથના ધામે

અલબેલા દાદા અનંતનાથની લીલા છે. અપરંપાર ૧૮૫ વર્ષથી જેમણે કર્યું છે મસ્જિદ બંદર ઉપર રાજ્ય એવા પ્રભુના દેરાસરની ધ્વજા મહોત્સવ પ્રસંગના પડગમ વાગી રહ્યા છે. શ્રી અનંતનાથ દાદાની છાયા અચલગચ્છાધિપતિશ્રીના આશિષ વર્ષાની સાથે **પ.પૂ. સાધ્વી શ્રી અરૂણપ્રભાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ. સાધ્વી શ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી પ્રશમરસાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી રાજનંદીશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી પુન્યવંતાશ્રીજી મ.સા.**ના શુભ સાનિધ્ય તેમજ **યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.**નો સંગાથ જે બનાવશે પ્રસંગને દેદિપ્યમાન.

# ત્રયાન્હિકા મહોત્સવ

ચાલો આપણે ઉમંગભેર ઉજવીએ અનંતનાથ દરબારે ધ્વજા મહોત્સવ - ત્રયાન્હિકા મહોત્સવના

| | | |
|---|---|---|
| **પ્રથમ દિવસ :** | શ્રાવણ સુદ - ૭,<br>તા. ૧૭-૦૮-૨૦૧૮, શુક્રવાર<br>સવારના ૯.૦૦ કલાકે | **પંચ કલ્યાણક પૂજા** સાંજના ૮.૦૦ કલાકે **"મહાકાળી માતાની ભાવના" યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.**ના સંગાથે, શ્રી અનંત મિત્ર મંડળ, ભાંડુપ ભણાવશે |
| **બીજો દિવસ :** | શ્રાવણ સુદ - ૮,<br>તા. ૧૮-૦૮-૨૦૧૮, શનિવાર<br>સવારના ૯.૦૦ કલાકે | **"અઢાર અભિષેક"**, સાંજના ૮.૦૦ કલાકે **શ્રી કુમારપાળ રાજાની મહાઆરતી** |
| **ત્રીજો દિવસ :** | શ્રાવણ સુદ - ૯,<br>તા. ૧૯-૦૮-૨૦૧૮, રવિવાર<br>સવારના ૯.૦૦ કલાકે | **"ધ્વજા મહોત્સવ"** એક જિનાલય નહિ પણ એક તીર્થ જ્યાં ૨૪ જિનાલય છે. એવા અનંતનાથજી ૨૪ જિનાલય મહાતીર્થની ૧૮૫મી વર્ષગાંઠની **ધ્વજારોહણ** સાથે **સત્તરભેદી પૂજા** સવારના ૮.૦૦ કલાકે, ધ્વજા રોહણ મહોત્સવ બાદ **"નાત જમણ"** જમણ રાખવામાં આવેલ છે, સાંજના ભાવના ૮.૩૦ કલાકે |

**તા.ક.:** ૦૫-૦૮-૨૦૧૮ને રવિવારના અનુષ્ઠાન દરમ્યાન કુમારપાળ રાજાની આરતી, અઢાર અભિષેક તથા ધ્વજાના ચડાવા લેવામાં આવશે.

# ખાસ સભા

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

મુંબઈ મહાજનશ્રીની ખાસ સભા શ્રાવણ સુદ ૯ ને **રવિવાર, તા. ૧૯-૦૮-૨૦૧૮**ના સવારના શ્રી અનંતનાથજી મહારાજ જિનાલય, મસ્જિદબંદરમાં ધ્વજારોહણ દરમ્યાન એકત્ર થશે, જેમાં નીચે મુજબ કાર્યસૂચી હાથ ધરાશે. શ્રી પર્યુષણ દરમ્યાન **શ્રી કલ્પસૂત્ર (પોથી)** ઘરે પધરાવવાના ઘૃતની ઉછામણી બોલાવી આદેશ આપવામાં આવશે.

*ઉત્સાહભેર લાભ લેવા વિનંતી.*

એજ લી. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

**રમેશ હીરજી લોડાયા** - માનદ્‌મંત્રી

**ચેતનકુમાર ખીમજી મોમાયા** - માનદ્‌મંત્રી


**નોંધ :** જે કોઈ ભાગ્યશાળી પરામાંથી પોથી પધરાવવાનો લાભ લેશે.
તેને જાગરણ માટે મહાજનશ્રી દ્વારા મસ્જિદ બંદર ખાતે વ્યવસ્થા કરી આપવામાં આવશે.

# ભાંડુપ સંઘ દ્વારા સરસ્વતી સન્માન સંપન્ન






અનંતસિદ્ધિ ભાંડુપ સંઘ દ્વારા તા.૨૨-૭-૨૦૧૮ રવિવાર રોજે મ.સા.ના ચાતુર્માસ પ્રવેશ બાદ ભાંડુપ સંઘના એસએસસી, એચએસસી, ગ્રેજ્યુએટ તેમજ ઉચ્ચ અભ્યાસ પાસ કરનાર કુલ ૧૭ વિદ્યાર્થીઓનું સકળ સંઘના સભ્યોના હસ્તે ટ્રોફી અને સર્ટિફીકેટ આપી સન્માન કરાયું.






# ભાંડુપ સંઘ દ્વારા સરસ્વતી સન્માન સંપન્ન







## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન (નલિયા)

ધર્મશાળા-ફળિયા, નલિયા-કચ્છ. ફોન : ૦૨૮૩૧ ૨૨૨૩૩૭

**ચતુર્થ સંમેલનની પૂર્વ તૈયારી રૂપે ચર્ચા-વિચારણા કરવા સર્વે નલિયાવાસી જ્ઞાતિજનો જોગ**
જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનનું ચતુર્થ સંમેલનના યજમાનનો લાભ આપણા મહાજનને મળ્યો છે. તે બદલ હર્ષની લાગણી અનુભવીએ છીએ. આ ચતુર્થ સંમેલનની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવા માટે આપણે સૌ ગામવાસીઓ તેમજ ગામની નિયાણી બહેનોની એક સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આમાં સર્વની હાજરી અનિવાર્ય છે. તો આપ સર્વેને પધારવા નમ્ર વિનંતી.

**સ્થળ :**

**હોટેલ અર્ચના રેસીડેન્સી (બેંકવેટ હોલ),**
**એલ.બી.એસ.માર્ગ, મુલુંડ ચેકનાકાની બાજુમાં, મુલુંડ (વે), મુંબઈ - ૮૦.**
**સમય : રવિવાર, તા.૦૫-૦૮-૨૦૧૮ બપોરના ૩ થી ૫ કલાકે**
**ત્યારબાદ અલ્પહાર**

**લી.**
**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયા ના ટ્રસ્ટીગણ**

# વાસુપૂજ્ય જિનાલય મુલુંડ મધ્યે દર રવિવારે વિવિધ શિબીરોનું આયોજન

શ્રી સમસ્ત અચલગચ્છ જૈન સમાજ મુલુંડ ચાતુર્માસાર્થે પધારનાર પ.પૂ.સાધ્વીશ્રી આર્યરક્ષિતા મ.સા. આદિઠાણા ૪ની નિશ્રામાં પાંચ થી તેર વર્ષના બાળકોની શિબીર દર રવિવારના સવારના ૧૦.૩૦ થી ૧૨.૦૦ કલાકે રહેશે. જે બાળકોને જ્ઞાનના પાંચ એકાસણા દર રવિવારે કરવા હોય તેમણે મહારાજ સાહેબ પાસે નામ લખાવવા વિનંતી. એકાસણાની વ્યવસ્થા સંઘમાં કરવામાં આવશે. ૧૫ થી ૫૦ વર્ષના શ્રાવક-શ્રાવિકાઓની શિબીર રવિવારના ૨.૩૦ થી ૪.૩૦ કલાકે વાસુપૂજ્ય જિનાલય મુલુંડ ખાતે રહેશે. દરેકે સમયસર પધારવા વિનંતી.

# કોઠારા જૈન પાઠશાળામાં દાનની સરવાણી વહી

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી કોઠારા જૈન પાઠશાળાને દાતાશ્રી સ્વ. જય પ્રવિણ લોડાયા, મણિલાલ ચત્રભોજ નાગડા, કોઠારા ગામની નિયાણી બહેનો દ્વારા રૂપિયા પાંચ-પાંચ હજારનું અનુદાન મળેલ.

મળેલ દાનની સરવાણીમાંથી તથા અગાઉના ભંડોળમાંથી પાઠશાળામાં અભ્યાસ કરતા ૨૪ પૈકી ૯ બહેનોને વુલનવર્કની સાડી, ૧૧ કુમારીકાઓને ચિકનના વ્હાઈટ ડ્રેસ તથા ૪ બાળકોને સુટ ડ્રેસ દર રવિવારે સામુહિક સ્નાત્રપૂજા તથા પ્રભુ પૂજા સમયે પહેરવા ભેટ અર્પણ કરવામાં આવેલ.

માતુશ્રી જમકુબાઈ મેઘજી દંડ તથા સુશ્રાવિકા શ્રી સુશીલાબેન તિલકભાઈ લોડાયા દ્વારા પણ દર વર્ષે આ પાઠશાળામાં અભ્યાસ કરતા ભાઈ બહેનોને પ્રભાવનાઓ દ્વારા પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવે છે.

કોઠારા ગામના ભાઈ-બહેનો તથા સર્વે બાળકોમાં ધાર્મિક શિક્ષકનું સિંચન પાઠશાળાના શિક્ષીકા તોરલબેન શાહનંદ કરી રહ્યા છે. ઉત્તમભાઈ ખોના, હરીશભાઈ મુનવર, ગણેશ ગુસાઈ તથા દાતાશ્રીઓ આ ધાર્મિક કાર્ય માટે હરહંમેશ સહકાર પૂરૂં પાડતા રહે છે.



## દરરોજ દેરાસરમાં જવા વાળાઓ આંગળી ચીંધ્યાનું પુણ્ય બાંધો

શ્રી ગોરેગામ શ્વે. મૂ.પૂ. અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે સૂરિભગવંતોની કૃપાએ પ.પૂ.શ્રી સર્વોદય ગુરૂદેવની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ત્રણ  દિવસીય મુંબઈ લેવલનો 'ગુરૂસ્મૃતિ મહોત્સવ'ના પ્રથમ દિવસે તા. ૫ ઓગસ્ટ ૨૦૧૮ રવિવારે બપોરે ૨ થી ૪ દરમ્યાન સમગ્ર મુંબઈના અચલગચ્છ સંઘોનાં હસ્તકના તમામ દેરાસરોના પૂજારીઓનું બહુમાન તથા અચલગચ્છીય સંઘોનાં સંચાલન હેઠળ ચાલતા કાયમી આયંબિલ ખાતાના રસોઈ બનાવનાર ભાઈ-બહેનોનું વિશિષ્ઠ બહુમાન ગોઠવાયેલ છે. તો આપને ખાસ ભલામણ છે કે આપ આપના સંઘના દેરાસરના પૂજારી અને આયંબિલ ખાતાવાળાઓને જાણ કરશો અને એમને ૯૮૨૦૪૨૦૧૪૫ અથવા ૯૩૨૪૫૩૧૬૪૦ નંબર પર સંપર્ક કરી ફોન પર પોતાનું નામ લખાવવાનું કહેજો. તા. ૫ ઓગસ્ટ ૨૦૧૮ ગોરેગામ નગરે હાજર રહેનાર તમામ પૂજારીઓ અને આયંબિલ ખાતાવાળા વર્ગનું શાનદાર બહુમાન થશે તો આળસ છોડી, આજે જ નામો લખાવો. નાના માણસોની અનુમોદના કરવામાં નિમિત્ત બનો.

## મુંબઈ મહાજનના પ્રમુખશ્રી એ પ.પૂ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજીના આશીર્વાદ લીધા



ગઢશીશા નગરે અચલગચ્છાધિપતિ તપ ચક્રવર્તી આચાર્ય ભગવંત પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે બહોળી સંખ્યામાં મુંબઈ તેમજ દેશદેશાવરથી ભાવિકો પધારેલ હતા. તેમનું ભાવ ભર્યુ સ્વાગત જૈન સંઘ દ્વારા કરાયું હતું. મહારાજ સાહેબનું વ્યાખ્યાન સરળ ભાષામાં સુંદર રીતે સૌ શ્રવણ કરે છે. સૌની ભાવના ચાતુર્માસના ચાર મહિના આ બહુમૂલ્ય લાભ લેવા રોકાઈ જવાની થાય છે. કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતા ગઢશીશાની મુલાકાત લઈ પ.પૂ. આ.ભ.શ્રી મ.સા.ના આર્શીવાદનો લાભ લીધેલ હતો. ભગવંતશ્રીના આશીર્વાદ હર હમેંશ ક.દ.ઓ. જ્ઞાતિ માટે ખૂબજ રહે છે. તેમની સાતા સારી છે.


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટસએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**


### કચ્છ એક્મ આયોજિત સગપણ સંમેલન

કચ્છ એક્મ દ્વારા આપણી જ્ઞાતિના પરિચય મિલનનું આયોજન ગાંધીધામ મધ્યે કરવામાં આવેલ છે. જેમાં જોડાવવા સમસ્ત ભારતના ક.દ.ઓ. યુવક/યુવતીઓ (વિધવા વિધુર પણ સામેલ થઈ શકશે) ને આમંત્રિત કરીએ છીએ.

**પરિચય મિલન**
**તા. ૩૦/૦૯/૨૦૧૮ રવિવાર**
**ફોર્મ ભરવાની છેલ્લી**
**તા. ૧૬/૦૮/૨૦૧૮**

-: માહિતી માટે સંપર્ક :-
મહેશ લાલકા - ૯૮૨૫૨૮૭૫૫૫
લહેરચંદ ખોના - ૯૮૨૫૧૩૮૧૦૩
મિતેશ ધરમશી - ૯૮૨૫૨૨૬૫૫૭
email id : kutchekkam@gmail.com

# પ.પૂ.આચાર્ય ભગવંતશ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના નરશીનાથા ધર્મશાળા પાલિતાણા ખાતે પગલા




સાહિત્ય દિવાકર પ.પૂ.આચાર્ય ભગવંતશ્રી કલાપ્રભસૂરિશ્વરજી મ.સા.આદિઠાણા તા.૨૩ જુલાઈ સોમવાર રોજ શેઠશ્રી નરશીનાથા ધર્મશાળા પાલિતાણા ખાતે પ્રથમ પગલાં કરી રુપા-પન્ના ધર્મશાળામાં વાજતે ગાજતે હાથી, ઘોડા, પાલખી સંગે ૧૫૦૦ જણની સથવારે મંગળ પ્રવેશ કરેલ હતો. આ પ્રસંગે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ




મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા, ભરતભાઈ જીવાણી, શામજીભાઈ દંડ, પદમભાઈ મોતા સાથે બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યાં હતાં. મોટી સંખ્યામાં ગુરૂપૂજન કરવામાં આવેલ સંઘપૂજનનો લાભ માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા પરિવાર વાપીવાળાએ લીધેલ.



# ગોરેગાંવ અચલગચ્છ શ્વેતામ્બર જૈન સંઘના નવા પદાધિકારીઓ





તાજેતરમાં અચલગચ્છ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘની કારોબારીની ચૂંટણીમાં નીચે મુજબ કારોબારી પદાધિકારીઓ વરાયા હતા. જેમાં **ક.દ.ઓ. સમાજના ચેતન માણેકચંદ ખોના, નલીયા ઉપપ્રમુખ પદે તથા શીરીષ ઝવેરચંદ કુરવા ગોધરા કારોબારી સભ્ય તરીકે ચૂંટાયા છે.** ટ્રસ્ટીઓ તરીકે નરેશ દામજી દેઢિયા નાની ખાખર, હિરજી વીજપાર ગંગર પુનડી અને કાંતિલાલ કેશવજી નાગડા સાભરાઈ, પ્રમુખ તરીકે વસંતલાલ કાનજી ગાલા ગઢશીશા, ખજાનચી તરીકે મનિષ કાંતિલાલ સાવલા ભીંસરા, માનદમંત્રીઓ તરીકે સચીન શાંતિલાલ ગાલા દેશલપુર અને દેવેન્દ્ર વસંતલાલ ગડા નાના ખાખર, સહખજાનચી પ્રેમજી તેજસ છેડા લાયજા, ઉપરાંત કારોબારી સભ્યો નિલેશ પ્રેમજી દેઢિયા ભુજપુર, પુષ્પાબેન ખીમજી ફુરીયા નાગલપુર તથા આશાબેન હિરજી દેઢિયા કોટડા રોહા ચૂંટાયા છે.

## દીપા છેડાને એક્સેલેન્ટ પર્ફોમન્સ એવોર્ડ એનાયત

દીપા મનીષ છેડા, (જસાપર-ડોંબિવલી)ને તેમણે બજાવેલી ઉત્તમ કામગીરી બદલ સ્ટાર હેલ્થ ઈન્સ્યુરન્સ કંપનીની વાઈસ પ્રેસિડેન્ટ મી. નાઈકના હસ્તે એક્સેલેન્ટ પર્ફોમન્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.








● જિલ્લા પંચાયતના શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત છેલ્લા છ માસ દરમ્યાન હૃદય, કિડની, કેન્સર, કલબફૂટ, થેલેસેમિયા અને અન્ય રોગોના બાળ દર્દીઓની સારવાર અને જરૂર જણાયે શસ્ત્રક્રિયા માટે મંજૂરી અપાઈ હતી. જેના હેઠળ ૭૫૯ બાળકોનું દર્દ નિવારણ થયું. નિઃશુલ્ક અપાતા આ કાર્યક્રમને લીધે ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારના વાલીઓ બાળદર્દીઓની સારવાર માટે સજાગ બન્યા છે.

● મુંદરાની કેલોરેક્સ પબ્લિક સ્કૂલમાં આપણો દુશ્મન આપણાં ઘરમાં જ હોય છે. એ સૂત્ર વિષય સમજ આપતાં ઘરમાં કયાં કયાં મચ્છર ઉત્પન્ન થઈ શકે અને તેના ઉપાય માટેની જાણકારી અપાઈ હતી. મેલેરિયા, ડેન્ગ્યૂ જેવા રોગો મચ્છરના કરડવાથી જ થાય છે. મચ્છર ઉત્પતિ સ્થાનોની વિદ્યાર્થી જાતે જ તપાસ કરીને જાણકારી મેળવે એ માટે આ જાગૃતિ શિબિર યોજાઈ હતી.

● ભચાઉ લોહાણા મહાજન દ્વારા ગોઠણ તથા થાપાના દુઃખાવાનો નિઃશુલ્ક મેગા સર્જિકલ માહિતી સહમાર્ગદર્શન કેમ્પ યોજાયો જેમાં ૧૬૦ જેટલા દર્દીઓની તપાસ કરાઈ. જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડૉ. તુષાર વેગડ તથા કચ્છ ઓર્થોપેડિક હોસ્પિટલ ભુજની ટીમએ સેવા આપી હતી.

● વરસાદ ખેંચાઈ જતાં કચ્છમાં જીવદયા કાજે પશુ રક્ષા અભિયાન ચલાવતી સેવા કીય સંસ્થાઓને મુશ્કેલમાં મુકવાનો વારો આવ્યો છે. શરૂઆતમાં ૬૦ રૂા. મણના ભાવે મળતો લીલો ચારો રૂા. ૧૭૫ મણની ભાવે મળવો દોહલો બન્યો છે.

● વડનગરા મહિલા મંડળ ભુજ દ્વારા વર્ષાગીત હરિફાઈ યોજાઈ. વિજેતાઓને રોકડ પુરસ્કારથી નવાજાયા હતા. ભૂતાનનો બાઈકથી પ્રવાસ પૂર્ણ કરનાર જ્યોતિબેન ભટ્ટનું સન્માન કરાયું હતું.

● લંડન સ્થિત બ્રિટનની પાર્લામેન્ટમાં બ્રિટનની રાણીના પ્રતિનિધિઓ દ્વારા નાની વયના યુવાકથાકાર ધ્રુવકુમાર મુકેશભાઈ ભટ્ટને એવોર્ડ એનાયત કરી સન્માન કરાયું હતું.

● પર્યાવરણના જતન અર્થે નાના અંગીયા તા. નખત્રાણાની શાળાના શિક્ષક તેમજ શાળા વિદ્યાર્થીઓ દ્વારા ડુંગરાળ વિસ્તાર ગામો નાગલપર, અંગીયા નાના મોટા ધાવડા ગામોમાં લીબોડીના બીજ છાંડવામાં આવ્યા. જેથી ચોમાસામાં લીમડાનાઝાડ ઉગી નીકળે

● ભુજ પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને ઉદ્યોગ સમૂહનું સંગઠન ફોકીઆ દ્વારા ઓપન હાઉસ અને એન્વાયર્ન મેન્ટ કિલનિક યોજાઈ. જેમાં ઉદ્યાગકરોને મુશ્કેલી ન પડે તે માટેની ચર્ચા વિચારણ કરાઈ હતી.

● જન સેવા સંસ્થા મુંદરા દ્વારા જીવદયા માટે વિવિધ દાતાઓના સહયોગથી પાણીના કુંડા અને ચકલીઘર લગભગ બેહજાર જેટલી સંખ્યામાં વિતરીત કરાયા.

● ભુજ નવી શાકમાર્કેટ પાસે ચાલીસ વર્ષથી ચાની લારી ચલાવતા અરવિંદભાઈ ગોર ગૌ માતા કે ચરણોમેં ચારો ધામ ની ઉક્તિને સાર્થક કરતી ગો સેવા નખત્રાણા તાલુકાના મોટી ગંગોણ ગામની સાડા નવસો ગાયને દત્તક લઈ નિયમિત ધાસચારાની વ્યવસ્થામાં મોટું યોગદાન આપી રહ્યા છે.

● માતૃછાયા કન્યા વિદ્યાલયમાં આર્ષ અધ્યન કેન્દ્રના સ્વામી પ્રદીપતા નંદજી સરસ્વતી દ્વારા પ્રતિમા સંવર્ધન કોર્સ 'દ્વારા વિદ્યાર્થીનીઓ આત્મવિશ્વાસ કેમ વધારવો, યાદશક્તિ કેમ વધારવી, પરીક્ષાનો ભય દૂર કરવો' ગુસ્સામાં આવી કેવી રીતે બહાર આવવું, પોતાના લક્ષ્ય સુધી કેમ પહોચવું જેવા મુદા ચર્ચી કોન્ફીડન્સ વધારવા મદદ રૂપ થશે.

# જખૌ નગરે પ.પૂ.સા.શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ





કચ્છના બંદર જખૌ નગરે પ.પૂ.સા.શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. થાણા-૧નો ચાતુર્માસ પ્રવેશ તા.૨૦-૭-૨૦૧૮ શુક્રવારના રોજે વાજતે ગાજતે સકળ સંઘની ઉપસ્થિતિમાં થયો પ્રવેશ બાદ મ.સા.નું વ્યાખ્યાન થયું. જખૌ તેમજ આજુબાજુના કોઠારા, સાંયરા, સાંધવ, રાપર વિગેરે ગામોમાંથી સારી સંખ્યામાં શ્રાવક/શ્રાવિકાઓ પધાર્યા હતા તેમજ બહારથી પણ સંઘ પ્રતિનિધિઓ જોડાયા હતા. લગભગ ૧૩૦ જણની હાજરી રહી હતી. નવકારશી સંઘ જમણ વિગેરેની વ્યવસ્થા સારી રીતે થયેલ હતી.

નવકારશીનો લાભ માતુશ્રી જયાબેન ટોકરશી લોડાયા કોઠારા-ડોંબિવલી જ્યારે સ્વામિ વાત્સલ્યનો લાભ માતુશ્રી ગંગાબાઈ ખેતશી શિયાળ પરિવાર, માતુશ્રી સોનબાઈ વિશનજી મૈશેરી સવાની પરિવાર તથા માતુશ્રી લાલબાઈ શિવજી લોડાયા પોલીસ પટેલ પરિવારએ લીધેલ. મુંબઈથી સારી સંખ્યામાં જખૌ ગામવાસીઓ પધારેલ. રૂા.૧૧૦ પ્રત્યેકને પ્રભાવના કરવામાં આવી હતી.





# સમગ્ર મુંબઈના અચલગચ્છીય બહેનોની ગોરેગામમાં સામૂહિક વિરાટ મહિલા શિબિર

સૂરિ ભગવંતોની કૃપાએ આધ્યાત્મયોગી ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં સમગ્ર મુંબઈમાં અચલગચ્છીય તમામ મહિલા મંડળો, પૂજા મંડળો, સ્નાત્ર મંડળો, બહેનોના સામાયિક મંડળો, વહુઓના મંડળો, સોસાયટીના સર્કલો, કિટી પાર્ટી આદિ સોશ્યલ ફ્રેન્ડશીપ ગ્રુપો આદિથી જોડાયેલા તમામ બહેનોની મુંબઈ લેવલની એક શાનદાર, જોરદાર વિરાટ મહિલા શિબિર તા.૬ ઓગસ્ટ સોમવારે બપોરે ૨ થી ૪ ગોરેગાવમાં ગોઠવાઈ છે. પૂ.ગુરૂદેવશ્રી સર્વોદયસાગરજી મ.સા.ની પ્રથમ પૂણ્યતિથિ નિમિતે આયોજિત ત્રિદિવસીય ગુરૂસ્મૃતિ મહોત્સવ અંતર્ગત થનાર આ વિશાળ આયોજનમાં પધારવું જ રહ્યું તો બહેનો થઈ જાવ તૈયાર તા.૬ના જરૂર પધારજો ગોરેગાંવ મોજાર. વિશેષ સૂચના શિબિરમાં હાજર રહેનાર તમામ બહેનોને આકર્ષક ગીફ્ટ પેક એક સદગૃહસ્થ પરિવાર સાંતાક્રુઝવાળા તરફથી આપવામાં આવશે. ચૌવિહારનો લાભ આપશોજી એમ એક અખબારી યાદીમાં દેવેન્દ્ર ગડા અને સચિલ ગાલા માનદ્‌મંત્રીએ જણાવ્યું હતું.

# જીવન ઘટમાળ

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૭-૧૮ | થાણા | પ્રિયંક પ્રકાશ માણેકજી લોડાયા | સાંધવ | ૨૭ |
| | ઘાટકોપર | વિધિ પરેશ જવેરચંદ નાગડા | પરજાઉ | ૨૩ |
| ૨૩-૦૭-૧૮ | ઘાટકોપર | વરુણ જગત રાયચંદ ખોના | કોઠારા | ૨૭ |
| | મુલુંડ | મોનિકા ગિરીશ નારાણજી નાગડા (ધૂમ) | નલિયા | ૨૪ |
| ૨૩-૦૭-૧૮ | મુલુંડ | રાજેશ જીતેન્દ્ર વીરજી નાગડા | રંગપુર | ૩૭ |
| | થાણા | રશ્મિ ભાણજી રતનશી ડાઘા | વરાડિયા | ૩૨ |
| ૨૪-૦૭-૧૮ | થાણા | મેઘ પ્રતાપ રાયચંદ દંડ | મંજલ રેલડીયા | ૨૮ |
| | મુલુંડ | યેશા દિલીપ મણિલાલ ખોના | સુથરી | ૨૫ |
| ૨૬-૦૭-૧૮ | ઈગતપુરી | કરણ દિનેશ મણિલાલ પોલડિયા | ગોએરસમા | ૨૬ |
| | ડોંબિવલી | કાજલ અભય શીવજી શિયાડ | તેરા | ૨૨ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૭-૧૮ | કેલીફોર્નીયા | જીત જયંત લક્ષ્મીચંદ નાગડા | રંગપુર | ૨૬ |
| | કેલીફોર્નીયા | શિવાલી સુરિન્દ્રરકુમાર પ્રેમનાથ | જલંધર | ૨૬ |
| ૨૬-૦૭-૧૮ | ભુજ | ગુંજન જસવંત પુરષોત્તમ વ્યાસ | માધાપર | ૨૫ |
| | ભુજ | ખ્યાતિ ખુશાલ રાયશી ખોના | સુથરી | ૨૧ |

## મરણનોંધ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૭-૧૮ | ડોંબિવલી | અનિતા રાજેશ શિયાલ | દલતુંગી | ૩૬ |
| ૨૩-૦૭-૧૮ | ડોંબિવલી | ધનલક્ષ્મી જિતેન્દ્ર ધરમશી | મંજલ રેલડીયા | ૫૫ |
| ૨૪-૦૭-૧૮ | ડોંબિવલી | નરશી ખીંયશી માલદે | ભરૂડીયા | ૬૯ |
| ૨૪-૦૭-૧૮ | ગદગ | પ્રેમીલાબેન નેમચંદ ધરમશી | ભરૂડીયા | ૮૬ |
| ૨૭-૦૭-૧૮ | ડોંબિવલી | નવીનચંદ્ર રૂપશી શિયાલ | દલતુંગી | ૬૩ |


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| ૫ા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922, 9322257731**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# Bipin Nagda Insurance Services

India's Leading Insurance Agent

**ISO 9001:2008 CERTIFIED COMPANY**



**Off:** 682, Ajanta Compound, Bhiwandi, Dist-Thane 421 305

**Helpline:** 02522 - 254011, 231411, 232190

**Tel.** 02522-254012 / 13 **Mob: 9323525000**

**Email: bipinpnagda@gmail.com**

**Web: www.bipinnagda.com**

ISO 9001:2008 INSURANCE SERVICES CERTIFIED COMPANY You're safe in our hands

EVERYTHING IN INSURANCE 41 YEARS SINCE - 1977 YEARS OF SERVICE

## ABOUT US

- All Insurance Solutions under one Roof.
- Dealing with Brands

LIC · Apollo Munich · ICICI Lombard · Reliance General Insurance · IFFCO-TOKIO General Insurance Muskurate Raho · Bajaj Allianz · Star Health Insurance · Chola MS General Insurance · Religare Health Trust · Liberty Videocon General Insurance

- Claim Consultancy
- Mediclaim / Personal Accidental / Workmen Consultancy Department
- In Fire Loss - Get Fire Claim Cheque within 30 days*.
- All types Service Related with Life & General Insurance.

नये एक्सीडेंटल या मेडिक्लेम पॉलिसी या रिन्युअर के लिए संपर्क करें।

दावे के साथ इससे सस्ता और बेहतर पॉलिसी / इन्सुरेन्स कहीं नहीं

**Free Claim Consultancy & Guidance**

**8 to 8 Sunday 9 to 1**

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

તા. ૦૪-૦૫-૨૦૧૮

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**નીશિથ એ. દંડ**
(સેકેટરી જનરલ)

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com

Gyatimaiya
Weekly E-magazine